## <u>અસલ હુકમનામું</u>

અસલ ફરિયાદનું હુકમનામું
(ઓ. ૨૦,કા.-૬-૭).

**દેત્રોજ ના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેત્રોજ**

**રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૩૨/૨૦૨૪**
**આંક : ૪૧**

**વાદી :-**

મેનેજરશ્રી,બેંક ઓફ બરોડા(જુ ની દેના બેંક)-દેત્રોજ શાખા,
રહે .દેત્રોજ,તા.દેત્રોજ-રામપુરા, જી.અમદાવાદ.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:-**

(૧) બનેસિંહ બેચરસિંહ ઝાલા,(એબેટ)
(૨) બાબુસિંહ બેચરસિંહ ઝાલા,
(૩) હિરુભા બેચરસિંહ ઝાલા,
(૪) શંકુબા બેચરસિંહ ઝાલા,
(૫) માધુભા પૃથ્વીરાજસિંહ ઝાલા
રહે .રૂદાતલ,તા.દેત્રોજ-રામપુરા,જી.અમદાવાદ.

---

**વાદી તરફે વિ.વકીલશ્રી- આર.એ.શાહ**
**પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી- એક્સપાર્ટી**

---

**દાવો : રૂા.૩,૫૬,૬૬૪.૬૨/- ના આંકથી**

---

| | |
|---|---|
| **દાવા દાખલ તારીખ** | **: ૧૮-૦૩-૨૦૨૪** |
| **દાવા નિકાલ ફેસલ તારીખ** | **: ૧૮-૦૩-૨૦૨૬** |

---

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ રહે .મુ.પો.રૂદાતલ, તા.દેત્રોજ-રામપુરાનાઓએ સંયુકત રીતે ખેતી વિકાસના હેતુ માટે શોર્ટ ટર્મ ક્રોપ લોન ધિરાણ મેળવવા અરજી કરેલ. જે અરજી અનુસંધાને આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ બી.કે.સી.સી.

(શોર્ટ ટર્મ ક્રોપ લોન) રૂા.૩,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) તા.૨૦-૦૮-૨૦૧૯ ના રોજ મંજુર કરવામાં આવેલ અને તે લોન અંગે પ્રતિવાદી નં.૧ થી ૪ ના જામીનદાર તરીકે પ્રતિવાદી નં.૫ રહે લ અને લોન અંગેની પ્રક્રિયા કરી આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓને નકકી થયા પ્રમાણેના વર્ષે નકકી થયા પ્રમાણેની ધિરાણની રકમ આપવામાં આવેલ અને સદર ધિરાણની પ્રક્રિયા અંગે આ કામનાપ્રતિવાદી નં.૧ થી ૪ એ તેમની અરજી તેમજ તે સાથે હાઇપોથીકેશન એગ્રીમેન્ટ ,ડેકલેરેશન કમ અંડરટેકીંગ,ડિમાન્ડ પ્રામીસરી નોટ,લેટર ઓફ કન્ટીન્યુટી વિગેરે દસ્તાવેજો તેઓ વાદી બેંકને તેમની સહી/અંગુઠા કરીને વાદી બેંકની તરફેણમાં કરી આપેલ તેમજ પ્રતિવાદી નં.૫ નાએ પણ પ્રતિવાદી નં.૧ થી ૪ ના જામીનદાર તરીકે ગેરેન્ટી ડીડ તેમજ જરૂરી દસ્વાવેજો તેઓ વાદીની તરફેણમા કરી આપેલ અને તે ધિરાણની રકમ આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓને વાદી બેંકને હપ્તાઓથી કરાર પ્રમાણે વ્યાજ સહિત ભરપાઇ કરવાની સવલત વાદી બેંક તરફથી આપવામાં આવેલી તેમજ જો આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ સાથે નકકી થયા પ્રમાણેના સમયે ધિરાણની રકમ ન ચુકવે તો વધારાના કરાર મુજબ દંડનીય વ્યાજ સહિત પ્રતિવાદીએ વ્યાજ ચુકવવાનું રહે શે તેવું પણ નં.૧ થી ૪ સાથે નકકી થયેલ અને પ્રતિવાદી નં.૫ તે જે પ્રતિવાદી નં.૧ થી ૪ ના જામીનદાર હોય પ્રતિવાદી નં.૫ નાએ પણ જામીનદાર તરીકે પ્રતિવાદી નં.૧ થી ૪ ની લોન ભરપાઇ કરવા કરાવવા જવાબદારી સ્વીકારેલ અને પ્રતિવાદી નં.૫ નાએ પણ જો ધિરાણની રકમ સમયસર ભરપાઇ ન થાય તો પ્રતિવાદી નં.૧ થી ૪ ના જામીનદાર તરીકે કરાર મુજબના દંડનીય વ્યાજ સહિતની રકમ ચુકવવા બાબતે સંપૂર્ણ સંમતિ આપેલ અને આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ તેમની જમીન ઉપર બોજો પણ નોંધાવી આપેલ હતો. આ કામના પ્રતિવાદીનું વાદી બેંકની શાખામાં લીધેલ ધિરાણ અંગે ખાતા નં.૮૫૧૬૦૫૦૦૦૦૦૨૬૩ થી ખાતુ ચાલતું આવેલ છે અને આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ સદર ધિરાણ ચુકવવામાં તેમજ હપ્તાની રકમ ચુકવવામાં બેદરકાર રહે લ છે અને પ્રતિવાદી નં.૧ થી ૪ ના જામીનદાર તરીકે પ્રતિવાદી નં.૫ ની પણ મજકુ ર ધિરાણની

ધિરાણની રકમ ભરપાઇ કરાવવાની જવાબદારી હોવા છતા પ્રતિવાદી નં.૫ નાએ પણ ધિરાણની રકમ ભરપાઇ કરાવવામાં બેદરકારી રાખેલ છે અને તેઓ વાદી બેંકે આ કામના પ્રતિવાદીઓને અવાર નવાર ધિરાણ ભરપાઇ કરવા અંગે લેખિત મૌખિક જાણ કરેલ.વધુમાં વાદી બેંકે આગળ જણાવેલ છે કે, વાદી બેંકે અવાર નવાર મૌખિક તેમજ લેખિત સુચનાઓ રકમ ભરપાઇ કરવા આપેલ હોવા છતા પ્રતિવાદીઓએ હાઇપોથીકેશન એગ્રીમેન્ટ,ડેકલેરેશન કમ અંડર ટેકીંગ,ડિમાન્ડ પ્રામીસરી નોટ,લેટર ઓફ કન્ટીન્યુટી વિગેરે લખી આપેલ હોય/ધિરાણ પણ રીન્ટુ અલ કરાવેલ હોય છતાં વાદી બેંકની લેણી કરમ ભરપાઇ કરે લ ન હોઇ આ કામના પ્રતિવાદી પાસે વાદી બેંકનું તા.૩૧-૦૩-૨૦૨૩ ના રોજની સ્થિતિએ રૂા.૩,૫૩,૬૬૪.૬૨/-(અંકે રૂપિયા ત્રણ લાખ ત્રેપન હાજર છસો સોસઠ રુપીયા બાસઠ પૈસા પુરા)નું લેણું પડે છે જે રકમ વ્યાજ સાથે વસુલ મેળવવા વાદી બેંકને હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

**(૨) માંગવામાં આવેલ દાદ:**

**(અ)** આ કામના પ્રતિવાદીઓએ નામદાર કોર્ટ ની હકુ મતમાં વાદી બેંકમાંથી ધિરાણ મેળવવા પ્રક્રિયા કરતાં પ્રતિવાદીનું તા.૨૦-૦૮-૨૦૧૯ રૂા.૩,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ની લીમીટનું તેઓની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણેનું વાદી બેંક દ્વારા ધિરાણ મંજુર કરવામા આવેલ હોય અને તે મંજુર થયા બાદ નકકી થયા પ્રમાણેના વર્ષે પ્રતિવાદીએ વાદી બેંકમાંથી નકકી થયા પ્રમાણએનું ધિરાણ મેળવેલ હોય અને તે ધિરાણની વાદી બેંકનીતા.૩૧-૦૩-૨૦૨૩ ના રોજની સ્થિતિએ કલોઝર અમાઉન્ટ રૂા.૩,૫૩,૬૬૪.૬૨/-(અંકે રૂપિયા ત્રણ લાખ ત્રેપન હાજર છસો સોસઠ રુપીયા બાસઠ પૈસા પુરા) ની જે લેણી રકમ પડે છે તે રકમ આ કામના પ્રતિવાદી વાદી બેંકને ૧૪ ટકાના ચઢે લ/ચઢતા વ્યાજ સાથે ચુકવી આપે તેવું હુકમનામું વાદી બેંકના લાભમાં તેમજ આ કામના પ્રતિવાદી વિરુધ્ધ કરી આપવા નમ્ર અરજ છે .

**(બ)** વાદી બેંક આ કામના પ્રતિવાદી પાસેથી ઉપરોકત જણાવ્યા પ્રમાણેની ચઢતી લેણી રકમ સહિતની રકમ પ્રતિવાદીની હરકોઇ સ્થાવર-જંગમ

મિલકત કે જાતથી વાદી બેંક વસુલ કરી લઇએ તેવો વાદી બેંકનામાં હુકમ તેમજ હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે .

**(ક)** આ દાવો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે .

**(ડ)** આ દાવાને લગતી બીજી વાજબી અને આનુસાંગિક દાદ કે દાદો વાદી બેંકના લાભમાં તેમજ પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા અરજ છે .

(૨) આ કામના વાદીના હાલના દાવાનો આ કામના પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ કરતાં, સમન્સની ધોરણસર બજવણી થયેલ હોવા છતા પ્રતિવાદી નં.૨ અને ૫ કે તેઓના તરફે કોઇ વકીલશ્રી અદાલત રૂબરૂ હાજર રહે લ નહી હોય તેઓના જવાબનો હકક બંધ કરે લ છે . તેમજ પ્રતિવાદી નં.૧ નાઓને એબેટ તથા પ્રતિવાદી નં.૩ અને ૪ નાઓને દાવાના કામે ડીલીટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે .

**-:આખરી હુકમ:-**

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે .

(૨) આ કામના પ્રતિવાદી નં.૨ નાઓએ વાદીને રૂા.૩,૫૩,૬૬૪.૬૨/- (અંકે રૂપિયા ત્રણ લાખ ત્રેપન હાજર છસો સોસઠ રુપીયા બાસઠ પૈસા પુરા) દાવા તારીખથી સદર રકમ વસુલ આવતા સુધી વાર્ષિક ૦૯ ટકા ના દરે વ્યાજ સહ ચુકવી આપવી.

(૩) પ્રતિવાદી નં.૨ નાઓ દ્વારા વાદીની લેણી પડતી રકમ ચુકવવામા કસુર થયેથી વાદી બેંક તેઓની લેણી પડતી રકમ પ્રતિવાદી નં.૨ નાઓની જાત તેમજ તમામ મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૪) આ હુકમ થયા સુધીમાં જો પ્રતિવાદી નં.૨ એ કોઇ રકમ ચુકવેલી હશે તો તે રકમ તેને મજરે આપવાની રહેશે.

(૫) વાદીનો દાવાનો ખર્ચ પ્રતિવાદી નં.૨ નાઓએ ભોગવવો.

(૬) હુકમ મુજબ આખરી હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તારીખ:૧૮, માહે –માર્ચ,સને–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નું સીલ કરી જાહેર કર્યો.

(સહી/–)

તારીખ– ૧૮.૦૩.૨૦૨૬ (હર્ષ શાંતીભાઇ રાઠોડ)

સ્થળ–દેત્રોજ પ્રિન્સીપાલ સિવિલ જજ, દેત્રોજ

કોડ નં. જી.જે.૦૧૭૭૪

।
।
।
।
।
।
।
।
।
।
।
।
।
।
।
।
।
।
।

## **o o ખર્ચનો આંકડો o o**

| વાદીને થયેલો | | | | પ્રતિવાદીને થયેલો | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. | પૈસા | | | રૂ. | પૈસા |
| ૧. | ફરીયાદ અરજીનો સ્ટાંપ | ૧૧૧૫૦ /– | | ૧. | સામા દાવા ઉલટા દાવાના સ્ટાંપ | – | |
| ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | | ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | |
| ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | – | | ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | | |
| ૪. | સાક્ષીઓની ખોરાકી | | | ૪. | સાક્ષીઓની ખોરાકી | | |
| ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૯૩૦/– | | ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૯૩૦/– | |
| ૬. | પ્રોસેસ બજવણી | – | | ૬. | પ્રોસેસ બજવણી | – | |
| ૭. | કમિશનર ફી | – | | ૭. | કમિશનર ફી | – | |
| ૮. | તરજુમાની ફી | – | | ૮. | તરજુમાની ફી | – | |
| ૯. | નકલ ફી | – | | ૯. | નકલ ફી | – | |
| ૧૦. | મુલતવી રાખવા બદલ આપેલ | – | | ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | – | |
| ૧૧. | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | – | | | | – | |
| | **કુલ** | ૧૨,૦૮૩ /– | | | **કુલ** | ૯૩૩/– | |
| | **નહીં આપેલાનો ખર્ચ** | | | | **નહીં આપેલાનો ખર્ચ** | | |

આજ તારીખ ૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

(એચ.એસ.રાઠોડ)

તૈયાર કરનાર આસીસ્ટન્ટ

તપાસનાર સુપ્રીટેન્ડેન્ટ

પ્રિન્સિપાલ સિવીલ જજ
દેત્રોજ
કોડ નં..જે.૦૧૭૭૪